ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગરમાં ૪૫ ડિગ્રી ગરમી

**ગરમીનો પારો ૪૫ ડીગ્રી એ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી : દિવસ દરમિયાન શહેરમાં સન્નાટો : ગાંધીનગર ગરમી માટે સૌથી 'હોટ' પણ અને 'ફેવરીટ' પણ..**





ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં આજે ગરમીનો પારો ૪૫ ડીગ્રી એ પહોંચી ગયો હતો. ગાંધીનગરમાં વધતી ગરમીના લીધે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયુ છે. સિઝનની રેકર્ડ બ્રેક ગરમીના લીધે નગરજનોએ આજે ગુંગળામણ અનુભવી હતી. ગઈકાલે ગરમીનો પારો ૪૪.૫ ડીગ્રી પહોંચી ગયો હતો. જયારે આજે વધુ અડધા ડીગ્રીના વધારા સાથે મહત્તમ તાપમાન ૪૫ ડીગ્રી નોંધાતા નગરજનોએ આકાશમાંથી વરસતી અગ્નજવાળ વચ્ચે આગ ઓકતી ગરમીનો અહેસાસ કર્યો હતો. ગરમીના લીધે શહેરમાં દિવસ દરમિયાન સન્નાટો છવાયેલો રહ્યો હતો. ગરમીથી બચવા માટે નગરજનોને ઘરની બહાર ન નિકળવા માટે સલાહ આપવામાં આવી છે. હજુ બે ચાર દિવસ ગરમીનુ જોર રહેશે.

ગાંધીનગરમાં આજે મહત્તમ તાપમાન ૪૫ ડીગ્રીએ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. આકાશમાંથી આગ વરસતા શહેર આગનો ગોળો બની ગયુ હતુ. ચામડીને દાહ આપતી ગરમીએ જનજીવનને પણ સુન્ન કરી દીધુ હતુ. અગાઉ સિઝનની રેકર્ડ બ્રેક ગરમી ૪૪.૮ ડીગ્રી નોંધાઈ હતી. બે દિવસ પુર્વે પણ ગરમીનો પારો ૪૪.૫ ડીગ્રી પહોંચી ગયો હતો. જયારે છેલ્લા ૧૫ દિવસથી મહત્તમ તાપમાન નીચે ઉતરતુ નથી. ગરમીએ વાતાવરણ પર પક્કડ જાળવી રાખતા નગરજનો માટે વળતો ઉનાળો આકરો પુરવાર થઈ રહ્યો છે. અગાઉના વર્ષોમાં જુન મહીનામાં આટલુ ઉંચુ તાપમાન જોવા મળ્યુ ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. છેલ્લા ત્રણ દાયકામાં જુન મહીનામાં ગરમીનો પારો ૪૫ ડીગ્રી સુધી ટચ થયો નથી. જયારે વરસાદી દિવસો નજીકમાં છે. ત્યારે ગરમીનો આકરો મિજાજ પણ વિચિત્ર મોસમનો અહેસાસ કરાવી રહ્યા છે. સુરજદાદા આગ વરસાવતા દિવસ ઉગતાની સાથે ગરમીએ ચિંતાનો વિષય બની જાય છે. સવારથી જ ગરમીનો મિજાજ ઉગ્ર જોવા મળી રહ્યો છે. આજે પણ મહત્તમ તાપમાનની અસર વચ્ચે સવારથી જ ગરમીનુ આકરુ સ્વરૂપ જોવા મળ્યુ હતુ. જયારે બપોર થતા અસહ્ય હીટવેવ વચ્ચે

● અનુસંધાન પાન-૭ પર

## જુનમાં દાયકાઓના અંતે સિઝનની રેકર્ડ બ્રેક ગરમી

વળતા ઉનાળે ગરમીનો પારો અધ્ધર પહોંચ્યો છે. સિઝનની રેકર્ડ બ્રેક ગરમી પણ જુનના પ્રારંભે નોંધાઈ છે. સામાન્ય રીતે જુન મહીનામાં વરસાદના આગમન પુર્વે વરસાદી વાયરો અનુભવાય છે. જયારે વરસાદી વાદળો ગોરંભાવાનુ શરૂ થતા વાતાવરણમાં તાપનુ જોર ઘટે છે. પરંતુ બફારો વિશેષ વર્તાય છે. પરંતુ આ વર્ષે જુન મહીનામાં જ સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ છે. દાયકાઓના અંતે જુન મહીનામાં આટલી હદે ગરમીનો પારો ઉંચે ગયો હશે. આજે વર્ષોના અંતે જુન મહીનામાં ગરમી હદને પાર ઓળંગી ૪૫ ડીગ્રી પહોંચતા ગરમી હવે સહન કરવાની સાથે આશ્ચર્યનો વિષય પણ બની ગયો છે.



## ગાંધીનગર ગરમીમાં પણ હવે નંબર વન...


હરિયાળા ગાંધીનગરમાં ગરમીએ હવે હદ વટાવી છે. વૃક્ષોની વનરાજીથી ઘેરાયેલા શહેરમાં ગરમીનો મિજાજ પણ વધુ ઉગ્ર જોવા મળ્યો છે. વિકાસના અનેકવિધ આયામો વચ્ચે હરિયાળીનુ પણ નિકંદન વળી રહ્યુ છે. ત્યારે પર્યાવરણ પ્રેમીઓમાં પણ નારાજગી વ્યાપી છે. બીજીતરફ હરિયાળા વૃક્ષોનુ છેદનના અંતે ઋતુ ચક્રનો મિજાજ પણ બદલાયો છે. ગરમીની સિઝન વધુ આકરી બની છે. અત્યાર સુધી ગરમીની દ્રષ્ટીએ અમદાવાદ ડિસા,રાજકોટ ,અમરેલી અને ઈડર આગળના ક્રમે રહેતા હતા .જયારે હવે ગાંધીનગર રેકર્ડ બ્રેક ગરમીમાં પ્રથમ હરોળમાં આવી ગયુ છે. આજે સિઝનની મહત્તમ ગરમી નોંધાઈ હતી. જયારે હરિયાળા ગાંધીનગરને ભરખી જતી અગ્નજવાળા શિક્ષિત વર્ગ માટે પણ ચિંતાનો વિષય છે.

## આકરી ગરમીથી મુર્છિત થવાના કેસમાં નોંધપાત્ર વધારો...

ગાંધીનગર શહેર આકરી ગરમીથી પ્રભાવિત છે. આકાશમાંથી વરસતા અંગારાના લીધે શહેરીજનો ત્રાહીમામ પોકારી ગયા છે. ત્યારે ગરમીના લીધે મુર્છિત થવાના ડીહાઈડ્રેશન , ઝાડા ઉલ્ટી અને શરીરમાંથી પાણી ઘટી જવાના કેસોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ૧૦૮ એમ્બ્યુલન્સના ડેઈલી કોલ પૈકી ૭૦ ટકા જેટલા કોલ ગરમીથી અસરગ્રસ્તોને સેવા પુરી પાડવા માટે આવે છે. છેલ્લા ત્રણ દિવસમાં ગરમીથી મુર્છિત થવાના ૨૨ કેસ નોંધાવા પામ્યા છે. તે ઉપરાંત ડીહાઈડ્રેશન શરીરમાંથી પાણી ઘટી જવુ હીટ સ્ટ્રોક , ચક્કર આવવા અને ઝાડા ઉલ્ટી થઈ જવાના ૬૦ થી વધુ કેસ છેલ્લા ચાર દિવસમાં જોવા મળ્યા છે. આકરી ગરમીથી બચવા માટે વધુમાં વધુ પાણી પીવા,સુતરાઉ કપડા પહેરવા , વધુ ગરમીમાં ઘરની બહાર નિકળવાનુ ટાળવુ , માથે ટોપી રૂમાલ પહેરવા , ઠંડુ પાણી વધુ પીવા સહીતની સલાહને અનુસરવા પણ તબીબી સલાહમાં જણાવાયુ છે.

## સ્ત્રી : કહેવાય રસોડાની રાણી પણ ઘરમાં રસોડાની સ્વતંત્રતા જ નહીં

સામાન્ય રીતે સરકાર દ્વારા જાહેર કરવામાં આવતા આંકડાકીય માહિતીના પ્રકાશનો આમ તો બે પાકા પૂંઠા વચ્ચેની વિગતો જ લાગે પરંતુ આ પ્રકાશનની માહિતીનું જો અર્થઘટન કરવામાં આવે તો અનેક રસપ્રદ માહિતી મળી આવે છે. એક ઉદાહરણ જોઈએ તો સેન્સસ-૨૦૧૧ના ગુજરાત શૃંખલા-૨૫ ને જોઈ શકાય. એમાં આપેલી માહિતી જોતા સરકારીતંત્ર પણ કેટલું ઝીણી ઝીણી બારીક વિગતો મેળવવાનું કામ કરે છે તેનો ખ્યાલ આવે છે. વસ્તી ગણતરીની સાથે જે માહિતી મેળવવામાં આવી હોય છે તેમાં મકાનો પરિવારો અને ઉપલબ્ધ સુવિધાઓ અંગેના કોષ્ટકોમાં આવી વિગતો મળી આવે છે. જેમકે આપણે એ બાબતે સ્પષ્ટ છીએ કે મહદંશે ઘર-પરિવાર હોય તો થોડા અપવાદોને બાદ કરતા રસોઈ ઘરમાં બનતી જ હોય. હવે આ વિગત ખરેખર છે ખરી એ વિગત




**ગાંધીનગરના ૩૭ ટકા પરિવારના ઘરમાં રસોડું જ નથી!**

પણ સેન્સસમાં આવરી લેવામાં આવી છે. એટલું જ નહિ પણ ઘરમાં જો રસોઈ બનતી હોય તો, મકાનની અંદર બને છે? કે બહાર ? ઘરમાં રસોડું છે કે નથી?, ઘરની બહાર રસોઈ બને છે તો રસોડું છે કે કેમ? આવા અનેક સવાલો અને તેના જવાબો પણ માહિતી રૂપે ઉત્તર દાતાઓ પાસેથી મેળવવામાં આવે છે.

ઉપરોક્ત માહિતી મુજબ આપણે જોઈએ તો ગુજરાતમાં ૮૬ ટકા પરિવારો તેમની રોજિંદી રસોઈ મકાનમાં જ બનાવે છે જ્યારે ૧૪ ટકા પરિવારો રસોઈ મકાનની બહારના ભાગમાં બનાવે છે. ગુજરાતની સ્થિતિએ ગાંધીનગરની વિગત જોઈએ તો ગાંધીનગરના ૭૨ ટકા પરિવારો રહેણાંકની અંદર રસોઈ પકાવે છે જ્યારે ૨૮ ટકા પરિવારો ઘરની બહારના ભાગે રસોઈ બનાવે છે. આંકડાઓના આધારે ગુજરાત અને ગાંધીનગરની સરખામણી કરીએ તો સ્પષ્ટ થાય છે કે ગાંધીનગર પાટનગરની ઓળખ ભલે ધરાવતું હોય પણ વસ્તીનો ઘણો મોટો ભાગ આજે પણ ગ્રામજીવન સાથે જ સંકળાયેલો છે. એટલે રહેણાંક મકાનના બદલે બહારના ભાગમાં રસોઈ કાર્ય થાય છે. ગુજરાતની સ્થિતિએ ગાંધીનગરની ૨૮ ટકા સાથે બમણી છે. આ કારણે ગુજરાત અને ગાંધીનગરની અંદર અને બહારના ભાગે રસોઈની ટકાવારીમાં ઘણો ફેર પડે છે.

ઘરમાં રસોઈ તો થાય છે પરંતુ રસોડાની રાણી કહેવાથી મહિલાઓ માટે રસોડું છે કે કેમ? એવી તપાસ પણ સેન્સસમાં કરવામાં આવી છે એની માહિતી જોઈએ તો ગુજરાતના ૮૫ ટકા મકાનની અંદર રસોઈ કાર્ય તો થાય છે પણ એ પૈકીના ૨૧ ટકા ઘરમાં રસોઈ માટેની ખાસ વ્યવસ્થા એવું રસોડું જ નથી. ગાંધીનગરમાં પણ આવી જ સ્થિતિ છે. ૧૯ ટકા ઘરમાં ઘરમાં જ રસોઈ થાય છે પણ રસોડું છે જ નહીં. ગુજરાત અને ગાંધીનગરમાં જે ઘરના અંદરના ભાગે રસોઈ થતી નથી બલકે બહારના ભાગમાં થાય છે ત્યાંના ટકાવારી અનુક્રમે ૧૪ ટકા અને ૨૮ ટકા છે. અહીં જો રસોડાની વિગત ટકાવારીમાં જોઈએ તો ગુજરાતના ૬ ટકા પરિવારોના અને ગાંધીનગરના ૧૮ ટકા પરિવારોના ઘરમાં રસોડું

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા વહીવટીતંત્રમાં ૨૯ નાયબ મામલતદારોની બદલી

**૫ મહેસુલ તલાટીઓ, ૧૩ વધુ કારકૂનોની બદલીના હુકમો**

ગાંધીનગર, તા. ૨

લોકસભાની ચૂંટણીઓ સંપન્ન થતાં અને આદર્શ આચારસંહિતા પૂર્ણ થતાં જ જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે. લાંગા દ્વારા જિલ્લા વહીવટીતંત્રમાં ધરમૂળથી ફેરફાર કર્યા છે.

૨૯ નાયબ મામલતદાર સંવર્ગના પાંચ મહેસુલી તલાટીઓ, ૧૩ થી વધુ કારકુનોની બદલીના હુકમો ગઈકાલે મોડી સાંજે જારી કર્યા છે. ચૂંટણીની ફરજો સિવાયના પણ બદલીના ઓર્ડર કરવામાં આવ્યા છે.

જિલ્લાના ચારેય તાલુકામાં બદલીના ઓર્ડર થતાં વહીવટીતંત્રમાં પણ સન્નાટો જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે જે નાયબ મામલતદારોની બદલી કરવામાં આવી છે તેમાં કુ. આર. જે. માયાવંશી, પી.જી. ઓલીક્ષત્રિય, જે.સી. રાવલ, શ્રીમતિ ડી.જે. પંડ્યા, એન.વી. રબારી, બી.વી. ચાવડા, જે.આર. પરમાર, એચ.વી. પુરોહિત, જે.એન. પુરોહિત, પી.એમ. પરમાર, ડી.બી. રાવલ, એસ.આર. પટેલ, બી.બી. પ્રજાપતિ, આર.આર. વ્યાસ, કુ. હેતલબા ચાવડા, ડી.ડી. સોનવર્ણે, સી.પી. ઝાલા, આર.સી. રાવલ, બી.બી. ગોર, જી.એસ. પ્રજાપતિ, પી.જે. પરમાર, ડી.આઈ. રાઓલ, આી.વી. દેસાઈ, શ્રીમતિ સી.જે. પટેલ, કે.વી. રાવ, એમ.યુ. રાજપૂત, એચ.એચ. નાયક, કે.આર. વાઘેલા, કે.એ. શિકારીનો સમાવેશ થાય છે.

જિલ્લામાં ઓનલાઈન એન.એ. પ્રોજેક્ટના સઘનીકરણ માટે પાંચ મહેસુલી તલાટીઓને પણ કલેક્ટર કચેરી ખાતે લાવવામાં આવ્યા છે.

આ ઉપરાંત ૧૩ થી વધુ કારકુનો જે ચૂંટણી સહિતની કામગીરીમાં હતા તેમની પણ બદલીના હુકમો કરવામાં આવ્યા છે.

જિલ્લા વહીવટીતંત્રમાં આગામી દિવસોમાં હજુ પણ વધુ બદલીના હુકમો થશે તેમ મનાઈ રહ્યુ છે. ઘણી બધી જગ્યાઓ ખાલી રહેવા પામી છે. જિલ્લામાં વહીવટીતંત્રને લોકાભિમુખ બનાવવા પર ભાર મુકવામાં આવી રહ્યો છે.

## જિલ્લામાં ગરમી અસહ્ય બનતાં પાણીની માંગમાં તીવ્ર ઉછાળો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં ગરમીના વધતા જતા પ્રકોપને કારણે પાણીની માંગમાં સતત વધારો થઈ રહ્યો છે. જોકે તંત્રએ હવે કોઈ નવો વધારો મંજૂર નહિ કરવાનો નિર્ણય કર્યો છે.

ગરમીના પગલે પાણીના સ્તર સતત નીચે ઉતરી રહ્યા છે અને વધુ પડતા વીજભારને કારણે મોટરો બળી જવાની ઘટનાઓ પણ ગ્રામીણ વિસ્તારોમાં વધવા પામી છે. ગ્રામીણ વિસ્તારોમાં ગરમીને કારણે પાણીની માંગમાં પણ વધારો થઈ રહ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં ચોમાસુ જૂનની ૨૦મી પછી સક્રિય થતુ રહ્યુ છે. આ વખતે પણ ચોમાસુ ૨૦ મી જૂનની આસપાસ આવશે તેમ મનાઈ રહ્યુ છે. લોકો સારા ચોમાસાની આશા રાખી બેઠા છે. બીજી તરફ ગ્રામ્ય વિસ્તારમાં તળાવો ઝડપથી સૂકાઈ રહ્યા છે અને ઘાસચારાના ભાવમાં પણ ઉછાળો આવતાં પશુપાલોકમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તેમજ શહેરી વિસ્તારોમાં પણ પુરા ફોર્સથી નિયત કરાયેલા સમય જેટલો પાણી પુરવઠો નહિ મળતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જિલ્લામાં વીસથી વધુ ગામોમાં બોરના પ્રશ્નો ઉભા થવાની ફરિયાદો તંત્રને મળી છે. ૩ જેટલા ગામોમાં તો હાલ બોર રીપેરીંગની કામગીરી ચાલુ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં પણ પાણીની માંગને પહોંચી વળવા આગામી દિવસોમાં બે થી ત્રણ નવા બોર બનાવવા માટે મનપાના તંત્ર દ્વારા નિર્ણય લેવામાં આવે તેવી શક્યતાઓ રહેલી છે. મનપાની કચેરીમાં જ બોર નિષ્ફળ જતાં પાણી ટેન્કરથી મંગાવવાની ફરજ સત્તાવાળાઓને પડી છે જે નોંધનીય છે.

# બાળ-લગ્ન પ્રથા નાબુદ કરવા સરકારે ખાસ એક્શન પ્લાન તૈયાર કર્યો

**ગ્રામસભામાં આ અંગે ઠરાવ કરવા તેમજ એજન્ડાનો મુદ્દો ગણવા જણાવાયુ : સ્માર્ટ વિલેજ યોજનામાં પણ આ મુદ્દાને માપદંડ ગણવાનો નિર્ણય**

ગાંધીનગર, તા. ૨

ગુજરાતમાં બાળલગ્ન પ્રથાના દૂષણને ડામવા માટે સરકારે રોડમેપ તૈયાર કર્યો છે અને આ વખતે યોજાનાર ગ્રામસભા અભિયાનમાં પણ આ મુદ્દે બાળલગ્ન પ્રથાને લઈ એક ખાસ પ્રસ્તાવ પસાર કરવામાં આવે તેવો આગ્રહ પણ કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૮માં નામદાર હાઈકોર્ટે આપેલ ચુકાદા પછી રાજ્ય સરકારે આ એક્શન પ્લાન તૈયાર કર્યો છે અને હવે આ દૂષણને ડામવાનો સંકલ્પ પણ કર્યો છે.

નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-૩ના રિપોર્ટ મુજબ વર્ષ-૨૦૦૫-૬ માં બાળલગ્નનું પ્રમાણ પુરૂષોમાં ૩૧.૪ ટકા અને મહિલાઓમાં ૩૮.૭ ટકા જોવા મળેલ છે. જ્યારે નેશનલ ફેમીલી હેલ્થ સર્વે-૪ ના રિપોર્ટ પ્રમાણે આ વર્ષ ૨૦૧૫-૧૬ માં બાળ લગ્નનું પ્રમાણ પુરૂષોમાં ૨૮.૪ ટકા અને મહિલાઓમાં ૨૪.૯ ટકા જોવા મળેલ છે.

સરકારના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બાળલગ્નનું દૂષણ ધીમી ગતિએ ઘટી રહ્યુ છે પણ સંપૂર્ણપણે નાબુદ થયુ નથી.

સુપ્રિમ કોર્ટે પણ બાળલગ્ન પ્રથાના મુદ્દે મોનીટરીંગ કરવામાં આવનાર છે. આથી સરકારે જે નવો એક્શન પ્લાન તૈયાર કર્યો છે તેમાં આ પ્રથાને નાબુદ કરવા પર ભાર મુકવામાં આવ્યો છે.

સમાજ સુરક્ષા વિભાગના સૂત્રોના જણાવ્યાનુસાર બાળલગ્ન

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

સ્મરણાંજલિ
૯૧મી જન્મજયંતિએ...



સ્વ. ચીમનભાઈ પટેલ
(પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય)
પ્રાર્થના સભા : તા. ૩/૬/૨૦૧૯, સોમવાર
સવારે ૮-૩૦ થી ૯-૩૦ કલાકે ● નર્મદા ઘાટ, ગાંધીનગર
આવો સૌ સાથે મળી શ્રદ્ધાસુમન અર્પણ કરીએ...
નરેન્દ્ર એમ. શાહ
મેનેજીંગ ડિરેક્ટર
ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક લિ.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com